RIGHT TO INFORMATION

અપીલ અરજી નં. ૫૭૩ તા.૨૦–૧–૧૨

ફોન નં.૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ– શ્રી રમેશ કે. જાંગીડ
સામાવાળ :– ડે.કમિશ્નર અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી ( રાંદેર ઝોન)

## ફરીયાદની હકીકતઃ–

વિષય :– આરટીઆઈ એકટ હેઠળ શ્રી રમેશ કે. જાંગીડની તા. ૨૭–૧૨–૧૧ની અરજીથી એલ.પી.સવાણી સ્કુલ સર્કલથી વિદ્યાકુંજ સ્કુલ સર્કલની વચ્ચે આવેલ એકતાનગર બાબતે મુદ્દા નં.(૧) '' ઈન્ટરવુડ '' એકતાનગર, વિદ્યાકુંજ બસસ્ટોપની પાસેની 'ઈન્ટરવુડ', જે પટેલ એન્ડ સન્સ નામની મિલ્કતોના મંજુર પ્લાનની નકલો તથા વિકાસ પરવાનગી પત્રની નકલો આપશો વિ.મુદ્દા નં.(૧)થી (૫)ની માહિતી આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૨૦–૧–૧૨ ની **SMC/FAP/** નં.૫૭૩/૨૦૧૧–૧૨

શ્રી રમેશ કે. જાંગીડની તા. ૨૭–૧૨–૧૧ની અરજીથી એલ.પી.સવાણી સ્કુલ સર્કલથી વિદ્યાકુંજ સ્કુલ સર્કલની વચ્ચે આવેલ એકતાનગર બાબતે મુદ્દા નં.(૧) '' ઈન્ટરવુડ '' એકતાનગર, વિદ્યાકુંજ બસસ્ટોપની પાસેની 'ઈન્ટરવુડ', જે પટેલ એન્ડ સન્સ નામની મિલ્કતોના મંજુર પ્લાનની નકલો તથા વિકાસ પરવાનગી પત્રની નકલો આપશો વિ.મુદ્દા નં.(૧)થી (૫)ની માહિતી આપવા બાબતે ડે.કમિશ્નર અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી(રાંદેરઝોન)ના પત્ર નં. વેસ્ટઝોન/ આરટીઆઈ /ઈ.નં./૯૫૭ તા. ૧૩–૧–૧૨થી મળેલા પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા. ૨૦–૧–૧૨ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ / વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા અરજદારના દાવા મુજબ મિલ્કતના નામ સહિત ટી.પી.સ્કીમ નં., રે.સ.નં., ફા.પ્લોટ નં.ની વિગતો દફતરે નિભાવાય છે કે કેમ ? આર્કીટેકટ, એન્જી. ધ્વારા પ્રોગ્રેસ રીપોર્ટ કે બિલ્ડીંગ ઈન્સ્પેકશન ધ્વારા સ્થળ ચકાસણીમાં, ડાયરીમાં, સંસ્થા મિલ્કતનો દફતરી ઉલ્લેખ હોય છે કે કેમ ? તે વિગતો સ્પષ્ટ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/ ૧૬૨૪ તા.૧–૨–૧૨ થી ડે.કમિશ્નર અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી ( રાંદેર ઝોન) તથા અરજદારને અપીલમાનાં દાવા મુજબ'' ઈન્ટરવુડ'' નામ સહિત ઝોન–કચેરીના દફતરે ટી.પી.સ્કીમ નં.,રે.સ.નં., ફા.પ્લોટની માહિતી હોવાના દાવા અંગે આધાર સહ વિગતો રજૂ કરવા તથા વધુમાં આ અંગે ચાલુ બાંધકામ હોય તો સ્થળ ડીસ્પ્લે કે સુરત મહાનગરપાલિકાની વેબ સાઈટ, ઝોન–કચેરીના સીવીક અને શહેર વિકાસના દફતરેથી માહિતી તપાસણી ધ્વારા મેળવવા પ્રયત્ન કરેલ છે કે કેમ ? તે વિગતો સ્પષ્ટ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જાહેર માહિતી અધિકારીના પત્ર નં.વેસ્ટઝોન/આરટીઆઈ સેલ / ૧૦૫૮ તા.૮–૨–૧૨ થી અરજદારને પત્ર નં.વેસ્ટઝોન/આરટીઆઈ સેલ/૯૫૭ તા.૧૩–૧–૧૨ થી આપેલ માહિતીના પત્રની નકલ, અત્રે મળેલ છે. જયારે અરજદારના ૧૭–૨–૧૨ નો પત્ર અત્રે મળેલ છે.

અરજદારની તા.૨૭–૧૨–૧૧ ની અરજીથી બાબત હેઠળની માહિતી માંગતી અરજી રાંદેર ઝોન ખાતે કરવામાં આવેલ. જે અંગે જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.વેસ્ટઝોન/આરટીઆઈ સેલ/ ૯૫૭ તા.૧૩–૧–૧૨ થી સમય અવધિમાં અરજદારને વિગતો જણાવવા પત્ર પાઠવવામાં આવેલ. જે બાબતે અરજદારની અરજીમાં એલ.પી.સવાણી સ્કુલ સર્કલથી વિદ્યાકુંજ સ્કુલ સર્કલની વચ્ચે આવેલ એકતાનગર બાબતે મુદ્દા નં.(૧) '' ઈન્ટરવુડ '' એકતાનગર, વિદ્યાકુંજ બસસ્ટોપની પાસેની 'ઈન્ટરવુડ', જે પટેલ એન્ડ સન્સ નામની મિલ્કતોના મંજુર પ્લાનની નકલો તથા વિકાસ પરવાનગી પત્રની નકલો આપશો. મુદ્દા નં.(૨) ''ઈન્ટરવુડ'' નામની મિલ્કત જે જગ્યાએ છે તેનો ટી.પી.નંબર, ફા.પ્લોટ નંબર, રે.સ.નં. સહિતની વિગત આપશો. મુદ્દા નં.(૩) ઈન્ટરવુડ નામના શો રૂમના પ્લાન પાસ કરાવ્યા પૂર્વે મિલ્કતધારક તરફથી જમીનની માલિકી અંગેના જે જે ડોકયુમેન્ટસ કચેરીમાં રજુ કરાવ્યા હોય તે તમામ ડોકયુમેન્ટસની નકલો આપશો. મુદ્દા નં.(૪) એકતાનગરના આખા કે આઉટ પ્લાનની નકલ તથા આ જમીન કોર્પોરેશનના રેકર્ડ પર કયા નામ પર બોલી રહી છે તેની વિગત આપશો. મુદ્દા નં.(૫) ઈન્ટરવુડ તેની બાજુનો ખુલ્લો પ્લોટ (બાઉન્ટ્રી કરેલો) તથા જે. પટેલ એન્ડ સન્સ નામની ત્રણ મિલ્કતો આપની કચેરીના રેકર્ડ પર હાલમાં કોના નામે બોલી રહી છે તેની વિગત આપશો. તથા આ નામો કેટલા સમયથી રેકર્ડ પર છે તેની માહિતી આપશો. તથા નામો પુર્વે આ મિલ્કતો કોના નામ પર હતી તેની વિગતવાર માહિતી આપશો. તેવા પ્રશ્નો બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી સદરહુ મિલ્કતનો ટી.પી.સ્કીમ નંબર, ફા.પ્લોટ નંબર, રે.સ.નંબર તેમજ સબપ્લોટ નંબર વિગત તથા વોર્ડ નંબર તેમજ ટેનામેન્ટ નંબરની વિગત જણાવ્યેથી તમામ માહિતી આપી શકાય. તેવુ સમય અવધિમાં જણાવેલ. ત્યાર બાદ અરજદારે જાહેર માહિતી અધિકારી પાસેથી માહિતી મેળવવા જરૂરી વિગતો સાથે પ્રયત્ન કરવો જોઈએ પરંતુ તેઓ તરફથી અપીલ તબકકે પણ પ્રયત્ન કરેલ હોય તેવુ જણાતુ નથી.

અરજદારે ડે.કમિશ્નર અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી(રાંદેરઝોન)ના પત્ર નં. વેસ્ટઝોન/ આરટીઆઈ/ ઈ.નં./૯૫૭ તા. ૧૩–૧–૧૨થી મળેલા પ્રતિભાવથી નારાજ થઈ તા. ૨૦–૧–૧૨ ના રોજ અપીલ કરવામાં આવેલ. અપીલ તબકકે મુદ્દા નં.ર માં જે માહિતી માંગેલ છે તે જ જવાબ જાહેર માહિતી અધિકારી ધ્વારા અપાયેલ છે જે યોગ્ય નથી. ટી.પી. સ્કીમ,ફા.પ્લોટ, રે.સ.નંબરની માહિતી ઝોનના રેકર્ડ પર હોય જ છે.

અરજદારને અત્રેના પત્ર નં.આરટીઆઈ સેલ/૧૬૨૪ તા.૧–૧૨–૧૧થી અપીલમાનાં દાવા મુજબ" ઈન્ટરવુડ" નામ સહિત ઝોન–કચેરીના દફતરે ટી.પી.સ્કીમ નં.,રે.સ.નં., ફા.પ્લોટની માહિતી હોવાના દાવા અંગે આધાર સહ વિગતો રજૂ કરવા તથા વધુમાં આ અંગે ચાલુ બાંધકામ હોય તો સ્થળ ડીસ્પ્લે કે સુરત મહાનગરપાલિકાની વેબ સાઈટ, ઝોન–કચેરીના સીવીક અને શહેર વિકાસના દફતરેથી માહિતી તપાસણી ધ્વારા મેળવવા પ્રયત્ન કરેલ છે કે કેમ ? તે વિગતો સ્પષ્ટ કરવા જણાવવામાં આવેલ. જેના અનુસંધાને અરજદારના તા.૧૭–૨–૧૨ ના પત્રમાં માંગેલ મિલ્કતની માહિતીમાં ઝોન કચેરીએથી ટી.પી. નં. તથા ફા.પ્લોટની માહિતી માંગેલ જે જાહેર માહિતી અધિકારીએ અમને પુરી પાડેલ નથી. આ અંગેની જાણ શહેરી વિકાસ વિભાગ રાંદેર ઝોનમાં પણ કરી હતી પરંતુ તેમના ધ્વારા પણ માહિતી આપવાનો ઈન્કાર કરેલ. તેવી રજુઆત કરેલ.જયારે જાહેર માહિતી અધિકારીના પત્ર નં.વેસ્ટઝોન/આરટીઆઈ સેલ/૧૦૫૮ તા.૮–૨–૧૨ ના પુરક પત્રમાં સુરત મહાનગરપાલિકાનાં દફતરે તથા આર્કીટેકટ/ એન્જી.ધ્વારા પ્રોગેસ રીપોર્ટ કે બિલ્ડીંગ ઈન્સ્પેકશન ધ્વારા સ્થળ ચકાસણીમાં ટી.પી.સ્કીમ નંબર, રેવન્યુ નંબર/બ્લોક નંબર/ ફાયનલ પ્લોટ નંબર, સબપ્લોટ નંબર વિગેરે તથા વોર્ડ નંબર તેમજ ટેનામેન્ટ નંબરની વિગતો હોય છે. પરંતુ બિલ્ડીંગ/મકાનનું નામ (ઈન્ટરવુડ) નોંધાયેલ હોતુ નથી એટલા માટે અરજદારને ટી.પી.સ્કીમ નંબર, બ્લોક નંબર, ફા.પ્લોટ નંબર જણાવ્યેથી વિગતો ઉપલબ્ધ કરી શકાશે. તેવુ જણાવેલ.

જાહેર માહિતી અધિકારી ધ્વારા મિલ્કતની આકારણી દફતરે પણ નોંધ નંબર હોય તે પરથી મિલ્કતની/ પ્લોટની ઓળખ શકય હોય તો માહિતી આપવા પ્રયત્ન કરી શકાય પરંતુ તેવો કોઈ પ્રયત્ન થયેલ જણાતો નથી.

અરજદાર ધ્વારા પણ સીટી સર્વે કચેરી યોજના કે આકારણી દફતર અથવા ટી.પી. દફતર ના માધ્યમથી માહિતી મેળવી જાહેર માહિતી અધિકારીને આપવા પ્રયત્ન થયેલ જણાતો નથી.

અરજદારની પ્રથમ અપીલ તા.૨૦–૧–૧૨ ધ્યાને લેતાં ૧૮–૨–૧૨ સુધીમાં અને વિલંબીત કારણ સહિત ૪–૩–૧૨ સુધીમાં કાયદાની કલમ–૧૯(૬) હેઠળ પ્રથમ અપીલનો નિકાલ કરવાનો રહે. પરંતુ અપીલ હેઠળના અરજદારની પ્રથમ અપીલ બાદ અત્રેની કક્ષાએ જાન્યુ. અને ફેબ્રુ. ૨૦૧૨ દરમ્યાન ૧૧૪ જેટલી પ્રથમ અપીલ અત્રેની કચેરીને મળેલ છે. જયારે આજ સમયગાળા દરમ્યાન બીજી અપીલમાં નામદાર માહિતી આયોગ ધ્વારા ૧૧૩ બાબતો માટે પૂર્તતા અહેવાલ મંગાવવામાં આવેલ તેમજ જે પૂર્તતા અહેવાલ અત્રેની કક્ષાએથી નામદાર આયોગને મોકલવામાં આવેલ છે. જયારે આજ સમયગાળા દરમ્યાન નામદાર આયોગ તરફથી લોક અદાલતનો નવતર પ્રયોગ હાથ ધરેલ. જેમાં અત્રેના સત્તા મંડળની ૭૩ ની બાબતોનું પત્રક આપવામાં આવેલ. તે અંગેના પણ પૂર્તતા અહેવાલ અને આ કાર્યક્રમની પૂર્વ તૈયારીના ભાગરૂપે વધવા પામેલ કાર્ય ભારણના લીધે પ્રસ્તુત અપીલ તથા તેની આસપાસના સમયગાળામાં આવેલ અપીલનો સમય અવધિમાં નિકાલ કરી શકાયેલ નથી.

## હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદારની તા.૨૭–૧૨–૧૧ ની અરજીથી માંગવામાં આવેલ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી જેમાં મિલ્કતની ઓળખ બાબતની વિગતો પુરી પાડયેથી માહિતી આપવા જણાવેલ છે. જાહેર માહિતી અધિકારી કક્ષાએ આ મિલ્કત સંબંધી મિલ્કતની ઓળખની જે વિગતો આકારણી કે ડ્રેનેજ , પાણી વિભાગના લાગુ કિસ્સામાં દફતરે ઉપલબ્ધ હોય તે વિગતોને આધારે અરજદારે માંગેલ માહિતી દફતરી રેકર્ડ અનુસાર આપી શકાય તેમ હોય તો દિન–૭ ની અવધિમાં અત્રેની જાણ હેઠળ લાગુ કિસ્સામાં આરટીઆઈ એકટની કલમ–૭(૩) સાથે નિયમ–૫ હેઠળની દસ્તાવેજ ફી ભરપાઈ કરવાની રીતે પૂરી પાડવા ડે.કમિશ્નર અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી (રાંદેર ઝોન) ને જણાવવામાં આવે છે."

(પી.જે. ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૩–૧૨

પ્રતિ,

(૧) ડે.કમિશ્નર અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી (રાંદેર ઝોન) ....જાણ તથા અમલ માટે

(૨) શ્રી રમેશ કે. જાંગીડ